ભિલોડા સંકલિત બાળ વિકાસ યોજનાની કચેરી દ્વારા કાર્યકર અને તેડાધરના ૨૯ નિમણુંક પત્ર અર્પણ

૪૬ પૈકી ૧૫ કાર્યકર અને ૧૪ તેડાધર કુલ ૨૯ મહિલાઓને નિમણુંક પત્ર એનાયત કરાયા હતા.ભિલોડા સંકલિત બાળ વિકાસ યોજનાની કચેરી ધ્વારા કાર્યકર અને તેડાધરના નિમણુંક પત્ર મહિલાઓને અર્પણ કરાયા હતા. ભિલોડા તાલુકા ભાજપ પ્રમુખ સંગઠન કાન્તીભાઈ પટેલ, જીલ્લા પંચાયત સદસ્ય રસિકાબેન ખરાડી,તાલુકા પ્રમુખ તરલીકાબેન તબિયાર,ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મુકેશભાઈ ત્રિવેદી,જીગરભાઈ ત્રિવેદી,સંકેતભાઈ ચૌધરી,ભિલોડા તાલુકા વિકાસ અધિકારી જે.એમ.ઠાકોર,નાયબ તાલુકા વિકાસ અધિકારી લીનાબેન જોષીયારા,સી.ડી.પી.ઓ નયનાબેન ગામીત,હિનાબેન પટેલ,હર્ષાબેન ભગોરા,ગાર્ગીબેન પટેલ,સી.બી.અસારી સહિત સ્ટાફ પરિવારની ઉપસ્થિતિમાં કાર્યકર અને તેડાધર મહિલાઓને નિમણુંક પત્ર એનાયત કરાયા હતા.

નવી શિણોલ ગામે શ્રી રામજી મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

અરવલ્લી જિલ્લાના ધનસુરા ના નવી શિણોલ ગામે શ્રી રામજી મંદિર નું ભવ્ય નિર્માણ કરવામાં આવ્યું છે નવી શિણોલ ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો.નવી શિણોલ ગામે શ્રીરામ પરિવાર તથા કુળદેવી મા અર્બુદા, શ્રી રાધાકૃષ્ણ, શ્રી કષ્ટભંજન હનુમાનજી મહારાજ અને અરવલ્લી જિલ્લામાં સૌ પ્રથમ સ્ફટિક શિવલિંગ શ્રી રામેશ્વર મહાદેવના નૂતન મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ તથા નવ કુંડાત્મક મહાવિષ્ણુયાગ યોજાયો હતો. જેમાં ૨૫-૫-૨૦૨૨ તારીખ થી ૨૭-૫-૨૦૨૨ તારીખ સુધી વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.પ્રથમ દિવસે પ્રારંભ, અગ્નિ સ્થાપન, મહાવિષ્ણુયાગ, આરતી રાત્રે ડાયરો યોજાયો હતો પ્રથમ દિવસે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેમ બાઘાભાઈ (તન્મય વેકરીયા) ઉપસ્થિત રહ્યા હતા.તો બીજા દિવસે શોભા યાત્રા, મહા વિષ્ણુયાગ, જલાધિવાસ, આરતી, અને રાત્રે રાસ ગરબા યોજાયા હતા જેમાં પ્રસિદ્ધ ગાયક કલાકાર પાર્થ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.ત્રીજા દિવસે પ્રાતઃ પુજન,ધ્વજા આરોહણ, શિખર સ્થાપના, મહા વિષ્ણુયાગ, પ્રાણ પ્રતિષ્ઠા, યજ્ઞ પૂર્ણાહુતિ, મહા આરતી, મહા પ્રસાદ અને સાંજે ધર્મસભા અને ભજન સંધ્યા જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. ત્રણ દિવસ ના આ કાર્યક્રમ માં અનેક સંતો ઉપસ્થિત રહ્યા હતા સાથે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ માં દાતા શ્રીઓ, સહ યજમાન દાતા શ્રીઓ , પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ના પાટલાના યજમાન દાતા શ્રીઓ સહિત ગામ લોકો અને આજુબાજુ ના ગામ લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ ભવ્ય આયોજન સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટ નવી શિણોલ અને ગ્રામજનો ધ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ સિવિલ હોસ્પિટલ ખાતે ફ્રી નિદાન કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સિવિલ હોસ્પિટલ ખાતે ફ્રી સારવાર નિદાન કેમ્પ યોજાયો હતો જેમા પ્રાંતિજ તથા તાલુકાના લોકોએ લાભ લીધો હતો. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ સિવિલ હોસ્પિટલ ખાતે મેડીસ્ટાર હોસ્પિટલ હિંમતનગર દ્વારા આયોજીત સુપર સ્પેશ્યલીટી ડૉકટરર્સ ટીમ દ્વારા ફ્રી નિદાન કેમ્પ યોજાયો હતો જેમા સારંગાંઠ, હાથપગ , કમર સહિત નો સારવાર કેમ્પ યોજાયો હતો જેમા ડૉ શુભમ કોટવાલ , ડૉ રાજ પી.ભાવસાર સહિત ઉપસ્થિત રહ્યા હતા અને સેવાઓ આપી હતી તો આ પ્રસંગે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ સોલંકી સહિત સિવિલ સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો.

પ્રાંતિજ ખાતે વહેલી સવારે ટ્રાફિક જામ થતા વાહન ચાલકો બે કલાક ટ્રાફિકમાં ફસાયા

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ પાસે એક ટ્રક રોન્ગ સાઈડમાં ઘુસી આવીને રોડ વચ્ચોવચ ફસાઈ જતા રોડની બન્ને સાઈડ મા ત્રણ કિલોમીટર સુધી ટ્રાફિક જામ થયો હતો અને વાહન ચાલકો બે કલાક સુધી ટ્રાફિક જામમાં ફસાયા હતા અમદાવાદથી ઉદેપુર નેશનલ હાઈવે ઉપર સિક્સ લેનનું ધીમી ગતિએ ચાલી રહેલ કામને લઈ ને અવરનવર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાય છે ત્યારે હિંમતનગર-ચિલોડા રોડ પ્રાંતિજના કમાલપુર પાસે ઓવરબ્રીજ ના કામને લઈ ને ટ્રાફિક જામ અવરનવર થતો રહે છે જયારે આજે સવારે કંપચી ભરીને જઈ રહેલ ટ્રક કમાલપુર માર્કેટયાર્ડ થી રોન્ગ સાઈડમા ઘુસી જતા અને સર્વિસ રોડ ઉપર ફસાઈ જતા નાના મોટા અનેક વાહનોની લાંબી કતારો લાગી હતી તો રોડની બન્ને સાઈડે ત્રણ કિલોમીટર સુધી ટ્રાફિક જામ થયો હતો અને વાહન ચાલકો બે કલાક ટ્રાફિક જામ મા ફસાયા હતા જયારે પ્રાંતિજ પોલીસને ટ્રાફિક અંગે જાણ થતા ઘટાના સ્થળે દોડી જઈ હતી જયારે સર્વિસ રોડની વચ્ચોવચ ફસાયેલ કંપચી ભરેલ ટ્રને હિટાચી મશીનની મદદથી ટ્રકને રોડ કંપચી ખાલી કરીને બહાર કાઢવામા આવ્યો હતો ત્યારે પ્રાંતિજ પોલીસ દ્વારા રોન્ગ સાઈડ મા ઘુસી ને ટ્રાફિક જામ કરનાર ટ્રક ને મેમો આપ્યો હતો જયારે હાલતો રોડ કોન્ટ્રાક્ટરોની બેકારજી ને લઈ ને અવરનવર ટ્રાફિક જામ થતા વાહન ચાલકો ગરમીમા અનેકવાર ટ્રાફિક મા ફસાય છે અને હેરાન પરેશાન થઈ રહ્યા છે.

ડીસાના કંસારી- શેરપુરા રોડ પર બે બાઈક સામસામે ટકરાયા

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી અકસ્માતોની વણઝાર સર્જાઈ છે. ગફલતભર્યું ડ્રાઈવિંગ અને પુરપાટ ઝડપે વાહનો હંકારતા વાહન ચાલકોના પાપે માર્ગ અકસ્માતોની દિન પ્રતિદિન ઘટનાઓ બહાર આવી રહી છે ત્યારે આજે ડીસાના શેરપુરા- ધુણસોલ રોડ પર બે બાઈક સામસામે ટકરાતાં ચાર જેટલાં લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા અને રોડ પર પટકાઈ ઈજાગ્રસ્ત થઈતડફીયા મારતાનો વિડિયો સોશિઅલ મિડિયામાં વાયરલ થયો છે જ્યારે શેરપુરા રોડ પર અકસ્માત સર્જાયો હોવાની જાણકારી મળતા બે ૧૦૮ ની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી અને તાત્કાલિક અસરથી સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. અકસ્માતના ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતાં ઈજાગ્રસ્ત થયેલા ચાર પૈકી બે યુવાનો લગ્ન પ્રસંગે હાજરી આપવા જતાં હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું ત્યારે ઝડપની મજા મોતની સજા સાબિત થઈ શકે છે સરકાર દ્વારા પણ વાહન ચાલકોને સંયમતા દાખવી વાહનો ધીમે ચલાવા વિનંતી સાથે અપીલ કરવામાં આવે છે.તેમછતાં વાહન ચાલકો તેમની અપીલ ઠુકરાવે છે. તેથી માર્ગ અકસ્માતો રોજીંદા બની ગયા છે.

સાબરકાંઠામાં વર્ષોથી ચાલતો શંકાસ્પદ કપાસના બિયારણનો વેપલો

ખેડુતો પાયમાલ પરંતુ ભ્રષ્ટ અધિકારીઓ તગડા થયા : પાછલાં ૭ વર્ષ દરમ્યાન ફરજ બજાવનારા અધિકારીઓની સંપતિની તપાસ માટે માંગ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૭

સાબરકાંઠાની જીનીંગમાંથી કરોડોની કિંમતનો શંકાસ્પદ કપાસના બિયારણનો જથ્થો મળી આવ્યા પછી હવે લેબોરેટરીમાં મોકલવામાં આવેલા સેમ્પલના પરીણામની રાહ જોવાઈ રહી છે. કરોડોની સંપતિમાં આરોટતા જીનર્સ શું કરી શકે છે ? તે અહીં ઉલ્લેખ કરવાની જરૂર નથી પરંતુ શંકાસ્પદ બિયારણના વેપલાના સોદાગરોને છાવરનારા અધિકારીઓના કારણે ખેડુતો પાયમલ થયા છે ત્યારે પાછલા સાત વર્ષ દરમ્યાન ફરજ બજાવનારા જિલ્લા ખેતી(ગુણવત્તા) અધિકારી તેમજ વડાલી તેમજ ઈડર તાલુકામાં ફરજ બજાવનારા ગુણવત્તા કર્મચારીઓની તપાસ થાય તો અનેક વિસ્ફોટક વિગતો સામે આવી શકે છે. લાલચું અધિકારીઓને ભેટ-સોગાદ અને બંધ કવર કેમ આપવા પડે છે ? તેવા ગંભીર સવાલ ઉભા થયા છે.

મળતી વિગતો અનુસાર સરકાર દ્વારા કાળા બજારીયા તેમજ ખાદ્ય પદાર્થમાં ભેળસેળ કરનારા લેભાગુ વેપારીઓ સામે માત્ર દેખાડા પુરતી તપાસ થતી આવી છે. પરંતુ ખેતી ક્ષેત્રે બોગસ બિયારણ, ખાતર અને દવાઓનો કરોડોનો ધંધો ફુલ્યોફાલ્યો છે. જ્યારે બોગસ ખાતર-બિયારણનો વેપલો કરનારા લેભાગુ વેપારીઓને ભ્રષ્ટ અધિકારીઓ છાવરતાં રહ્યા અને ખેડુતોની હાય લઈ રહ્યા છે. રાજ્યની ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર દ્વારા ખેડુતોને બોગસ બિયારણ-ખાતર આપીને છેતરતાં વેપારીઓ સામે કડક હાથે કાર્યવાહી કરવા આદેશ આપવા જોઈએ. સાબરકાંઠા જિલ્લામાંથી જે રીતે શંકાસ્પદ બિયારણનો જથ્થો સીઝ કરવામાં આવી રહ્યો છે તેની પાછળ પણ હવે મલ્ટી નેશનલ બિયારણ કંપનીઓએ ગાંધીનગરના ભ્રષ્ટ અધિકારીઓને સાધીને પોતાના બિયારણના ધંધાને અસર થતાં સમગ્ર ખેલ પાડ્યાની ગરમા-ગરમ ચર્ચા છે. છેલ્લા કેટલાંક સમયથી ૪જી કપાસના બિયારણની ટેકનિક ગુજરાતના કેટલાંક બિયારણનું ઉત્પાદન કરતા જીનર્સોએ મેળવી લીધી છે જે ગેરકાયદેસર છે અને ૪જી ઉત્પાદન ઉપર પાબંધી હોવા છતાં જિલ્લામાં કરોડો રૂપિયાના આવા શંકાસ્પદ બિયારણના ઢગ કેવી રીતે ખડકાયા ? જ્યારે બિનસત્તાવાર જાણકારી અનુસાર આવા પ્રતિબંધિત બિયારણો જિલ્લા ઉપરાંત સૌરાષ્ટ્રમાં ખુલ્લેઆમ વેચાઈ રહ્યા છે. છતાં લાંબા સમયથી કોઈ તપાસ થતી ન હતી અને હવે એકાએક સફાળા જાગેલા ખેતી વિભાગે સાબરકાંઠા જિલ્લામાં તપાસ કરી કરોડો રૂપિયાની કિંમતનો જથ્થો સીઝ કર્યો તેની પાછળ પણ ભ્રષ્ટ અધિકારીઓની સંડોવણી હોવાની વિગતો છે. જિલ્લામાં ફરજ બજાવીને ગયેલા અધિકારીઓની અપ્રમાણસર મિલકતોની તપાસ થાય તો ગેરકાયદે બિયાણર ઉત્પાદન કરતા જીનર્સો સાથેની સાંઠગાંઠનો પણ પર્દાફાસ થઈ શકે છે.

બે વર્ષમાં ૬૫ નમૂના લેવાયા, તમામના રીપોર્ટ નેગેટીવ

મળેલી વિગતો અનુસાર વડાલી તાલુકામાં કપાસના શંકાસ્પદ બિયારણનો વેપલો ફૂલ્યોફાલ્યો હોય તેમ પાછલા બે વર્ષમાં કપાસના બિયારણના ૬૫ નમૂના લેવામાં આવ્યાનું જાણવા મળ્યું છે અને સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર અગાઉથી બધુ ફિક્સીંગ હોય તેમ તમામ નમૂનાના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. લાગે છે કે નમૂના લીધા પછી આખેઆખું સેમ્પલ બદલી નાખવમાં આવ્યું હોય તેવું પણ બની શકે. વિડીયોગ્રાફી કરીને નમૂના લેવાયા હોય તો કદાચ ચોંકાવનારી વિગતો સામે આવી હોત.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ખાદ્ય વસ્તુઓમાં ભેળસેળની બોલબાલા : તંત્ર શૂન્યમસ્ક અવસ્થામાં

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ખાદ્ય ચીજ વસ્તુઓમાં મીલાવટ કરવી તે વેપારીઓ માટે સામાન્ય બાબત બની રહેતાં જિલ્લાભરમાં મીલાવટખોરીનો ધંધો ટોપ ગેયરમાં ચાલી રહ્યો છે જ્યારે સરકારી તંત્ર શૂન્યમસ્ક અવસ્થામાં સરી પડતાં ખાદ્ય ચીજ વસ્તુઓમાં થતી ભેળસેળથી પ્રજાના આરોગ્ય સામે ખતરો ઉભો થયો છે. જિલ્લામાં દૂધ, ઘી અને કઠોળ સહિત મરી-મસાલામાં વ્યાપક પ્રમાણમાં ભેળસેળની ફરિયાદો ઉઠવા પામી છે.

જિલ્લામાં ખાદ્ય ચીજ વસ્તુઓમાં વેપારીઓ ભેળસેળ કરી પ્રજાના આરોગ્ય સાથે ગંભીર પ્રકારનાં ચેડાં ન કરે તે હેતુસર ફૂડ વિભાગ કાર્યરત છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી તંત્ર જાણે કે શૂન્ય મસ્ક અવસ્થામાં સરી પડ્યું હોય અથવા તો ભેળસેળીયાઓને સાણસામાં લેવા તંત્રની ઈચ્છા શક્તિ જ ન હોય તેવો માહોલ ઉભો થતાં જિલ્લામાં તેલ, દૂધ, ઘી અને કઠોળમાં વ્યાપક પ્રમાણમાં મીલાવટખોરી શરૂ થઈ છે. જિલ્લામાં તંત્રને યાદ આવે ત્યારે કહેવા પૂરતી કામગીરી કરવામાં આવતી હોય તેમ માત્ર દુકાનદારોને ત્યાં જઈ માત્ર પેકીંગ સેમ્પલો જ લેવામાં આવતા હોય છે. જ્યારે છૂટક રીતે વેચાતા મરચુ, હળદર, ધાણા-જીરૂ પાવડર અને ખાદ્ય તેલોના ભાગ્યે જ સેમ્પલ લેવામાં આવતા હોય છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં ખાદ્ય વસ્તુઓમાં ભેળસેળ કરવી તે બાબત આસાન બની રહી હોય તેમ પ્રજાના આરોગ્ય સાથે ગંભીર પ્રકારનાં ચેડાં શરૂ થયાં છે. અગાઉ પ્રજાને શુદ્ધ દૂધ અને ઘી આસાનીથી પ્રાપ્ત થતું હોવાથી પ્રજાની તંદુરસ્તી પણ જળવાયેલી રહેતી હતી પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી પોષક આહાર ગણાતા દૂધ તથા ઘી માં પણ કરામતબાજો ભેળસેળ કરતા થયા હોવાથી પ્રજાને દૂધ અને ઘી તરફથી પણ મોં ફેરવી લેવાની ફરજ પડી છે. જિલ્લામાં કઠોળ અને દાળ-શાકના મસાલા સહિત અન્ય રસોઈ સામગ્રીમાં મોટા પ્રમાણમાં મીલાવટ થઈ રહી છે પરંતુ તંત્રને ક્યાં ભેળસેળ દેખાતી ન હોવાથી જિલ્લામાં મીલાવટખોરીની ગાડી ટોપ ગેયરમાં ચાલવા લાગી છે ત્યારે જિલ્લાનું ભ્રષ્ટ તંત્ર આળસ ખંખેરી ખાદ્ય વસ્તુઓમાં ભેળસેળ કરી પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરનારા વેપારીઓને સાણસામાં લે તે જરૂરી બન્યું છે.

મોદીજીનો હનુમાન કૂદકો...

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...?

બાયડ તા.૨૭

મોદીજીએ છેલ્લા ૨૦ વર્ષના પુરુષાર્થ પછી સાત વર્ષમાં ભારતીય રાજકારણને એક નવો વળાંક આપીને દિશા જ બદલી નાખી... એની એજ જૂની ઘરેડ પ્રમાણે ભારતમાં રાજનીતિ થઈ રહી હતી....લગભગ પ્રત્યેક રાજકારણીઓ પૈસા,પદ,પ્રતિષ્ઠા માટે દોડતા રહ્યા હતા... 'પરંતુ મોદીજીએ શ્રમ,સેવા, રાષ્ટ્રવાદને રાજકારણની વ્યાખ્યા બનાવી અવળે પાટે ચાલી રહેલી રાજનીતિને જબરદસ્ત "U"-ટર્ન આપ્યો છે....!

જ્યારથી આ 'U' ટર્ન આવ્યો છે ત્યારથી જગતભરમાં ભારતની આબરૂ, શાખ, પ્રતિષ્ઠા નો આંક શેર બજાર કરતા પણ વધુ ઉચકાયો છે તેમા બે મત નથી... વાંદરાની માફક રાજકારણીઓ લોકોને રમાડતા અને એક ઝાડથી બીજે ઝાડ કૂદાકૂદ કરતા તે તમામને આ હનુમાનજી બનીને આવેલા મોદીજીએ રાજનીતિને વ્યાખ્યાયિત કરવામાં હનુમાનજી જેવી ઊંચી છલાંગ ભરી છે!! 'મોદીજીનો રાજકીય કૂદકો જોઈને વાંદર વેડા કરવાવાળા અંદરો અંદર ફફડી ગયા...'એટલુંજ નહિ જેમને પણ જનસેવા અને દેશસેવા કરવી હતી તેમના માટે તેઓ નવો આશાવાદ લઈને આવ્યા છે!! રાજકારણમાં એન્ટ્રી કરવા માંગતા તમામને ખબર પડી ગઈ કે આપણે કામ તો કરવુંજ પડશે અને તે પણ નિષ્ઠા અને પ્રામાણિકતાથી.... આ બેશક મોદી મેજીક છે!!

આજે અનેક જુના ખંધા રાજકારણીયોને મોદીજીની આ પદ્ધતિ ગમતી નથી પણ વર્તમાન યુવા ભારત અને મહિલાઓનું પૂરું સમર્થન મોદી સાહેબને છે. જેમને જૂનું રાજકારણ પચી ગયેલું છે તેમને મોદી સાહેબ કેમ કરીને ગમે?'કામ કરવાવાળા અને રાષ્ટ્રને વફાદાર લોકોને મોદીજીની ટિમ શોધી શોધીને બહાર લાવી રહી છે એટલે રાષ્ટ્રને કર્મનિષ્ઠ યોદ્ધાઓની ફોજ મળી રહી છે...' મોદીજીએ બહુ કોમળ ભાવથી કાર્યકર્તાઓનો હાથ પકડ્યો છે કે જેઓ ગંદા રાજકારણથી અંતર બનાવીને બેઠા હતા... જનતામાં એક માનસિકતા ઉભી થઈ હતી કે રાજકારણ એટલે ગંદકી પણ હવે આ માનસિકતાને મોદીજીએ તોડી અને લોકતંત્રમાં શ્રદ્ધા બેસાડવામાં સફળ થયા છે... મોદી યુગમાં ૨ દાયકા જૂની રાજનીતિને વિદાય અપાઈ ચુકી છે એટલે જેમને જૂનું રાજકારણ પચી ગયું હતું તેવા તમામના પેટમાં તેલ રેડાય છે... આ નરી વાસ્તવિકતા છે!!

'ટોકીયોમાં ક્વાર્ડ સંમેલનમાં બેઠેલા મોદી સાહેબને અમેરિકા ભીંસમાં લેશે તેવું વિચારવા વાળા તમામને મોદીજીએ લપડાક મારી છે...' યુક્રેન-રશિયા મુદ્દા ઉપર ભારત કઈક તો બોલશે એ મુદ્દા ઉપર મોદીજીએ ઠંડુ પાણી રેડી દીધું.... ટોકિયોમાં મોદીજીએ બુદ્ધને રસ્તે ચાલવાની સલાહ આપી, કોરોના કાળમાં ભારતનો જે રોલ રહ્યો તે વાત કરી... પર્યાવરણની વાત કરી પણ ક્યાંય રશિયા વિરુદ્ધનો શબ્દ પણ ના ઉચ્ચાર્યો અને અમેરિકા જોતું જ રહી ગયું... આ મોદીજીએ જે રોલ જાપાનમાં અદા કર્યો તે અમેરિકાએ વિચાર્યું પણ નહોતું.... પેસિફિક મહાસાગરમાં ચીનની દાદાગીરી રોકવી એ ક્વાર્ડ સભ્યો અમેરિકા, ભારત, જાપાન, ઓસ્ટ્રેલિયાનો મુખ્ય હેતુ છે તે વિષયને જ મોદીજી વળગી રહ્યા... 'મોદીજી વિશ્વને અચંબામાં મુકનાર વિશ્વના માર્ગદર્શક બની રહ્યા!!'

મોદીજીએ રાજનીતિનો જે હનુમાન કૂદકો છેલ્લા સાત વર્ષમાં ભર્યો છે તે જોઈને વિશ્વ આખું અચંબિત છે!! 'મોદીજીની આ છલાંગ વિષ્ણુના વામન અવતાર જેવી છે....' ત્રણ ડગલામાં આખું વિશ્વ પૂરું!! ખૂબ જીવો...સ્વસ્થ જીવો....તંદુરસ્ત જીવો મોદી સાહેબ તમને ૧૩૦ કરોડ ભારતીયોના દિલથી આશીર્વાદ છે...

૧૨૫ ગામના ૨૦ હજારથી વધુ ખેડૂતોએ તાકાત બતાવી પાલનપુરમાં મહારેલી...

પાણી નહિ તો વોટ નહિ' માંગ નહીં સ્વીકારાય તો ઉગ્ર આંદોલનની ચીમકી

પાલનપુર તા.૨૭

વડગામ તાલુકાના જલોત્રા ગામનું કરમાવત તળાવ અને મુક્તેશ્વર ડેમમાં નર્મદાના નીર નાખવા પાલનપુર અને વડગામના ગામના પશુપાલક ખેડૂતો છેલ્લા ૨૫ વર્ષથી તળાવમાં પાણી નાખવા સરકારમાં અનેકવાર રજુઆત કરી હતી. તેમ છતાં તળાવ તેમજ ડેમમાં પાણી ન આવતા ખેડૂતોએ ન છૂટકે આંદોલનનો માર્ગ અપનાવ્યો હતો.જેને લઈ ગુરુવારે જલોત્રા ગામ સહિત આસપાસના ૧૨૫ ગામના અંદાજીત ૨૦ હજાર ખેડૂતોએ પાલનપુર આદર્શ હાઈસ્કૂલ ખાતે ભેગા મળી જંગી સભા યોજી હતી.આ અંગે વધુ વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતભાઈ કે.જોષીપાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ત્યાંથી પગપાળા રેલી યોજી ગઠામણ દરવાજા, ગુરુનાનક ચોક થઈ કલેકટર કચેરી સુધી મહારેલી યોજી હતી. જ્યાં પાણી આપોના નારા સાથે આખું શહેર ગજવ્યું હતું. કલેકટર કચેરીએ રેલી આવતા દરવાજા બંધ કરી દેવાયા હતા. જિલ્લા કલેકટરને નીચે બોલાવી આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં ડિંડરોલ નજીક ખોરસમ પાસેના મુખ્ય નર્મદા કેનાલથી ૩૦૦ ક્યુસેક પાણી કરમાવદમાં ઠાલવવા માંગ કરી જો પાણી નહિ આવે તો આગામી ચૂંટણીમાં સરકારને ભારે પડશે તેવી ચીમકી ઉચ્ચારી હતી. આક્રોશ સાથે ખેડૂતોએ જણાવ્યું હતું કે હાલ તો ફક્ત ૨૫ હજાર ખેડૂતો આવ્યા છે પાણી નહિ આપો તો આવનારી રેલીમાં લાખોમાં પશુપાલક મહિલાઓ સાથે રેલી યોજાશે.અને આવનારી વિધાનસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

જિલ્લામાં કપાસના ઉછળતા ભાવમાં બ્રેક વાગી, ૩૦૦૦ સુધીનો ભાવ થતાં ખેડૂતો મલકાયા

મણ દીઠ રૂા. ૨૫૦ સુધીનો ઘટાડો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૭

જિલ્લામાં કપાસ પકવતા ખેડૂતોએ કપાસ વેચાણ કર્યા પછી ભાવ ઉછળતાં સંગ્રહ કરનારા ખેડૂતોને ઝેકપોટ લાગ્યા જેવી સ્થિતિ હતી. ૧ મણ દીઠ ૪ ૩૦૦૦ સુધીનો ભાવ મળતાં ખેડૂતો મલકાયા પરંતુ નિકાસ માટેની માંગ ઘટ્યા પછી મણ દીઠ ૪ ૨૫૦ સુધીનો ભાવ ઘટ્યાનું સૂત્રોએ જણાવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી ખેડૂતો પોતાની પાક ઉપજ મોટાપાયે વેચાણ કર્યા પછી ભાવમાં તેજી આવે છે તેના ઉપરથી એવું લાગે છે કે વેપારીઓ જ લાંબાગાળે માલામાલ થઈ રહ્યા છે. કપાસના ભાવમાં માંડ માંડે તેજી જોવા મળી. એક તબક્કે રુ ૧૨૦૦ થી ૧૫૦૦ના ભાવે વેચાતા કપાસના ભાવ છેલ્લે છેલ્લે ૪ ૩૦૦૦ સુધી પહોંચતાં કેટલાક ખેડૂતો સાથે કપાસ ખરીદનારા વેપારીઓ માલામાલ થઈ ગયા. કપાસમાં આગ ઝરતી તેજીના કારણે અનેક ખેડૂતોએ ફરી એકવાર કપાસની ખેતી ઉપર હાથ અજમાવવાનો નિર્ણય કર્યો પરંતુ નિકાસ માટે માંગ ઘટ્યા પછી કપાસના ભાવમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. જિલ્લામાં ખાસ કરીને હિંમતનગર, ઈડર, વડાલી સહિતના વિસ્તારોમાં કપાસનું એકંદરે વધુ ઉત્પાદન થતું હોય છે. ભાવમાં તેજી આવ્યા પછી મોટાભાગના ખેડૂતોએ એ પહેલાં જ કપાસનું વેચાણ કર્યું હોવાથી ખેડૂતોને જાજો ફાયદો થયો નથી પરંતુ અનેક વેપારીઓ માટે છે. મહિનો કપાસના ભાવના કારણે ઝેકપોટ લાગ્યા જેવો બની ગયો છે.

અરવલ્લી : સાઠંબા પંથકમાં ક્વોરી ઉદ્યોગને તંત્રના આશીર્વાદ, સ્થાનિક લોકોને અભિશાપ..!!

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના સાઠંબા ગામ નજીક આવેલ ક્વોરી ઉદ્યોગને પ્રશાસન દ્વારા જાણે છૂટો દોર આપી દીધો હોય તેમ બેફામ-ગેરકાયદેસર- આડેધડ જાહેર રસ્તા ની બિલકુલ બાજુ માં ખોદકામ કરી દેવામાં આવતા ખૂબ જ જોખમ ભર્યું છે. જાહેર રસ્તાઓ થી અંતર રાખ્યા વગર ખોદકામ, એક સથે ૪૦૦-૫૦૦ હોલનુ બ્લાસ્ટિંગ, રસ્તાની બાજુમાં ખુલ્લા ખાડા(ખાણ) ઉપર કોઈપણ પ્રકારનું તાર ફેન્સીંગ નહીં, રસ્તા ઉપર કોઈપણ પ્રકારનું પાણીનો છંટકાવ નહીં, દિવસમાં એક જ વાર રોયલ્ટી કાઢ્યા પછી આખો દિવસ એક જ રોયલ્ટી ચલાવવાની(રોયલ્ટી ચોરી) સરકારી તિજોરીઓ માંથી લુટ, અરવલ્લી જિલ્લામાં સૌથી મોટામાં મોટું કૌભાંડ રોયલ્ટી ચોરીનું છે.

ખાણી ખનીજ વિભાગ પણ ઊંઘા માથે, ક્વોરી સંચાલકોના ઘૂંટણિયે...!!

સાઠંબા માં આવેલ યોગેશ્વર ક્વોરી રેસિડેન્ટ એરીયા થી ૬૦૦ થી ૭૦૦ ફૂટનું અંતર ધરાવે છે જે સરકારના નિયમ ધારાધોરણો મુજબ લીગલ નથી ગવર્મેન્ટ નિયમ મુજબ કોઈપણ ખાણ ઉધોગ રેસિડેન્ટ એરીયા થી ૨ થી ૫ કિલોમીટર ના અંતરે હોવો જોઈએ જે નથી અને દિવસની રાત ક્વોરી ધમધમે છે કોઈપણ પ્રકારની વ્યવસ્થા, કોઈપણ પ્રકારનું પાણી છાંટ્યા વગર દિવસ ને રાત ઉધોગ ધમધમે છે અને આજુબાજુના વ્યક્તિઓ ઉપર ધાક ધમકી આપીને મનફાવે તેમ વર્તન કરે છે આજુબાજુ વ્યક્તિઓને નુકસાન થાય છે તો નુકસાની પણ આપતા નથી યોગેશ્વર ક્વોરી દ્વારા બ્લેક સ્ટોન પોતાની ખાણમાંથી અન્ય ઉદ્યોગ ક્વોરીમાં કોઈપણ પ્રકારની રોયલ્ટી કાઢ્યા વગર બે કિલોમીટર દૂર લઈ જવામાં આવે છે એ પણ જાહેર રસ્તા ઉપર ખુલ્લેઆમ ઓવરલોડ ભરીને મોટા મોટા પથ્થર લઈ જવામાં આવે છે જાહેર રસ્તા ઉપરથી અવર જવર કરનાર વ્યક્તિઓ પસાર થતા હોય અને જો તે વિશાળકાય પથ્થર ગાડીમાંથી પડી જાય તો મોટી જાનહાનિ થઈ શકે તેમ છે.

પ્રજા તંત્રના નહીં પરંતુ ભગવાન ભરોસે છોડી દીધી !

હાલ ઉનાળો છે ત્યારે ખાણ – ખનીજ વિભાગને શેમા રસ છે. ક્વોરી ઉધોગના માલિકો દ્વારા કોઈપણ પ્રકારનું રસ્તા ઉપર પાણી છાંટવામાં આવતું નથી જે થી રસ્તા ઉપર ખૂબ જ પ્રમાણમાં ધૂળ ઊડે છે જે ક્યારેક રાહદારીઓ અને વાહનચાલકો માટે અકસ્માતનુ કારણ બનતા હોય છે, ક્વોરી ઉદ્યોગ દ્વારા માઈનિંગ કરી નાખેલ ખાણના ખુલ્લા ખાડા ઉપર કોઈપણ પ્રકારનું ફેન્સીંગ કરવામાં આવેલ નથી વારંવાર પાલતુ પશુ કે વ્યક્તિઓ પડી જવાથી મૃત્યુ થવાના કિસ્સાઓ સામે આવતા રહ્યા છે અને ત્યારે તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવે છે

પતિની શોધમાં ભૂલી પડેલ આસામની મહીલાનું પરિવારજનો સાથે સુ:ખદ મિલન : અરવલ્લી સખી વન સ્ટોપની સરાહનીય કામગીરી

મોડાસા, તા. ૨૭

અરવ